

દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગરની છ બાસ્કેટ બૉલની ટીમોએ વિવિધ કેટેગરીની સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. અન્ડર-૧૭ ગર્લ્સ, અન્ડર-૧૪ ગર્લ્સ અને અન્ડર-૧૪ બોય્ઝ ટીમોએ જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. વુમન્સ ઓપન કેટેગરીની ટીમે તૃતિય સ્થાન પ્રાપ્ત કર્યું છે. ચાર ટીમોએ કુલ ૮૪ હજાર રૂપિયાનાં ઈનામો પ્રાપ્ત કર્યાં છે. આચાર્ય અતનુ રથે સમગ્ર શાળા પરિવાર વતી વિજેતા ખેલાડીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.



ગુજરાત યુનિવર્સિટી દ્વારા તાજેતરમાં યુવક મહોત્સવ યોજાઈ ગયો. જેમાં ગવર્નમેન્ટ આર્ટ્સ કોલેજ, ગાંધીનગરના વિદ્યાર્થીઓ ઝોનલ કક્ષાએ વિજેતા થયા હત., ક્લાસીકલ વોકલ સોલોમાં દમયંતી વાઢેર, ક્લાસીકલ ઈન્સ્ટ્રુમેન્ટલ સોલો(પરકશન)માં સાહિલ ચૌહાણ, ક્લાસીકલ ઈન્સ્ટ્રુમેન્ટલ સોલો(નોન-પરકશન)માં મોહિત વિશ્વકર્મા, વકતૃત્વમાં મહિપતસિંહ બારડ અને મીમીક્રીમાં તીર્થ દવેનો સમાવેશ થાય છે. આ વિદ્યાર્થીઓને સંગીતમાં તજજ્ઞ તેજસભાઈ પરમાર( મ્યુઝિક ટીચર, બ્લાઈન્ડ સ્કૂલ, સે-૧૬, ગાંધીનગર), વકતૃત્વમાં પ્રો. મહમ્મદસાકિબ પટેલ તથા મીમીક્રીમાં ભાવેશ ગજજરે માર્ગદર્શન આપ્યું હતું. આ વિદ્યાર્થીઓએ યુવક મહોત્સવમાં ઈન્ટર-ઝોનલ કક્ષાએ પણ ભાગ લઈ ઉત્કૃષ્ટ પર્ફોમન્સ આપ્યું હતું. જે પૈકી ક્લાસીકલ ઈન્સ્ટ્રુમેન્ટલ સોલો(નોન-પરકશન)માં મોહિત વિશ્વકર્માએ તૃતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે. કોલેજ દ્વારા કુલ ૧૭ ઈવેન્ટસમાં ભાગ લેવામાં આવ્યો હતો. તમામ વિદ્યાર્થીઓને કોલેજના આચાર્ય ડો.આર.બી.કોઠારી, સાંસ્કૃતિક સમિતિનાં કન્વીનર ડો.મમતા બુચ તથા કો-કન્વીનર ડો. જોલી દેસાઈ તેમજ સમગ્ર કોલેજ પરિવારે બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

### પ્રદૂષણ અને જળસંચય પ્રત્યે સૌનું ધ્યાન દોરવાના આશયથી

# જેએમપી ગોપાલક વિદ્યાસંકુલમાં ચાર્ટ મેકિંગ અને નિબંધસ્પર્ધા



વધતા પ્રદૂષણ અને જળ સંચય અંગે સૌનું ધ્યાન દોરવા જેએમપી ગોપાલક વિદ્યા સંકુલમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. ચાર્ટ તૈયાર કરવાની સ્પર્ધા અને નિબંધ સ્પર્ધા વિદ્યાર્થીઓ માટે યોજવામાં આવી હતી, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને સુંદર, અસરકારક ચાર્ટ તૈયાર કરી તેને પ્રસ્તુત કર્યા હતા.

# વેસ્ટઝોન ફેન્સિંગ ચેમ્પિયનશીપમાં ગુજરાતની ટીમ ઝળકી

ગાંધીનગર, તા. ૧૬

મહારાષ્ટ્રના નાસિક ખાતે ૧૩થી ૧૫ સપ્ટેમ્બર દરમિયાન ૪થી વેસ્ટઝોન ફેન્સિંગ નેશનલ ચેમ્પિયનશીપમાં ગુજરાતના ખેલાડીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કરીને ૨ ગોલ્ડ, ૪ સિલ્વર અને ૫ બ્રોન્ઝ મેડલ પોતાને નામે કર્યા છે.

આ સ્પર્ધામાં ભાગ લેવા માટે ગુજરાતમાંથી ૧૨ બહેનો અને ૧૨ ભાઈઓ મળીને કુલ ૨૪ ખેલાડીઓની ટીમ મહારાષ્ટ્ર ગઈ હતી. સ્પર્ધામાં વેસ્ટઝોનની ગુજરાત સહિત મહારાષ્ટ્ર, છત્તીસગઢ, ગોવા, મધ્યપ્રદેશ, રાજસ્થાન, દાદરાનગર હવેલી અને દિવ-દમણની ટીમોએ ભાગ લીધો હતો. ગુજરાતની બહેનોની ટીમે ૨ ગોલ્ડ, ૨ સિલ્વર અને ૨ બ્રોન્ઝ મેડલ સાથે ઓવરઓલ ચેમ્પિયનશીપ ટ્રોફી મેળવી હતી.





ફોઈલ ટીમ ઈવેન્ટમાં ખુશી સમેજા, દિવ્યા ઝાલા, કાજલ ચૌધરી (નડીયાદ એકેડેમી) અને અસ્મિતા ચૌધરી (ગાંધીનગર ડીએલએસએસ, જે એમ ચૌધરી સ્કૂલ)એ ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. ફોઈલ વ્યક્તિગત ઈવેન્ટમાં ખુશી સમેજાએ સિલ્વર મેડલ મેળવ્યો હતો. ઈપી ટીમ ઈવેન્ટમાં રીતુ ચૌધરી (નડીયાદ એકેડેમી), પાર્વતી ઠાકોર (ગાંધીનગર) મીતવા ચૌધરી (નડીયાદ એકેડેમી), મનીષા ચૌધરી (ગાંધીનગર)એ બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. ઈપી વ્યક્તિ ઈવેન્ટમાં રીતુ ચૌધરી (નડીયાદ)એ ગોલ્ડ અને પાર્વતી ઠાકોરે (ગાંધીનગર) સિલ્વર મેડલ મેળવ્યો હતો. સેબર ટીમ ઈવેન્ટમાં પ્રિયંકાકુમારી સોલંકી (નડીયાદ), જાનવી ચૌધરી (ગાંધીનગર), સોનલ ઠાકોર (હિંમતનગર) અને દૃષ્ટિ પટેલે (ભરૂચ) બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો. ભાઈઓએ ૨ સિલ્વર અને ૩ બ્રોન્ઝ મેડલ મેળવ્યા હતા. વ્યક્તિગત ઈવેન્ટમાં નડીયાદના અમરસિંહ ઠાકોરે સિલ્વર અને સચીન પટણીએ બ્રોન્ઝ મેડલ, ફોઈલ ટીમ ઈવેન્ટમાં નડીયાદમાં અમરસિંહ ઠાકોર, સચીન પટણી, અજયસિંહ ચુડાસણા અને હર્ષવર્ધનસિંહે બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. સેબર ટીમ ઈવેન્ટમાં નડીયાદના ચંદન પટણી, અર્જુનસિંહ ઝાલા, શનિરાજસિંહ જાદવ અને ધર્મરાજસિંહ સિલ્વર મેડલ અને વ્યક્તિગત સેબર ઈવેન્ટમાં ચંદન પટણીએ બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. સૌ વિજેતા ખેલાડીઓ, કોચીઝ અને સપોર્ટિંગ સ્ટાફને એમેચ્યોર ફેન્સિંગ એસોસિએશન ઓફ ગુજરાત સ્ટેટના પ્રમુખ મનીષકુમાર સોલંકી અને મંત્રી ભરતજી ઠાકોરે બિરદાવી અભિનંદન અને આગામી માસમાં યોજાનાર યુથ ફેન્સિંગ નેશનલ ચેમ્પિયનશીપ અને સબજુનિયર નેશનલ ચેમ્પિયનશીપ માટે શુભકામનાઓ પાઠવી હતી.

# નર્મદા એ ગુજરાતની સમૃદ્ધિની હસ્તરેખા છે



**પ્રસંગસર**

**ભરત પંડ્યા**

તા.૧૧ ડીસે ૧૯૯૧ ગુરૂ તેગબહાદૂર બલિદાન દિવસે કન્યાકુમારીથી કાશ્મીર સુધીની ''એકતા યાત્રા''ના સંયોજક શ્રી નરેન્દ્રભાઈ મોદી અને તે સમયના રાષ્ટ્રીય અધ્યક્ષ ડૉ. મુરલી મનોહર જોષીએ આ એકતા યાત્રા ૪૫ દિવસમાં પૂર્ણ કરીને આતંકવાદીઓના પડકારો વચ્ચે શ્રીનગરના લાલચોકમાં ભારતનો તિરંગો રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો. કન્યાકુમારીથી નીકળીને આ યાત્રા ૧૪ રાજ્યો માંથી પસાર થઈને લગભગ ૧૫૦૦૦ કિ.મી.નો પ્રવાસ કરીને કાશ્મીર પહોંચી હતી. આ એકતા યાત્રામાં મારે દિલ્હીથી જોડાવાનું થયું હતું અને પછી ૫ રાજયોમાં આ એકતાયાત્રાના એકતાયાત્રી તરીકે નાની મોટી જવાબદારી સાથે કાશ્મીર માટે લોકોમાં ઊભી થયેલી દેશભક્તિ-જનજાગૃતિનાં સાક્ષી બનવાનું સૌભાગ્ય મળ્યું હતું. સમગ્ર યાત્રાની રૂપરેખા, કાર્યક્રમો, સૂચનાઓ, સભાઓ, રથ અને રથયાત્રીઓની વ્યવસ્થાઓમાં પોતાનો સંપૂર્ણ લોહી પસીનો કરતાં કર્મઠ, શ્રેષ્ઠ યોજક-સર્જક શ્રી નરેન્દ્રભાઈ સાથે કામ કરવું તે મારા જીવનનું યાદગાર સંભારણું છે.

તા.૨૬મી જાન્યુ ૧૯૯૨ શ્રીનગરના લાલચોકમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતનો તિરંગો ફરકાવ્યો ત્યારે તો તેઓ ગુજરાતના મુખ્યમંત્રી પણ ન હતા કે કેન્દ્રમાં ભાજપ સંપૂર્ણ બહુમતી સાથે આવશે તેવાં કોઈ સિગ્નલ પણ દેખાતાં ન હતાં એટલે પ્રધાનમંત્રી થવાની વાત તો દૂર હતી. આ ૧૪ રાજ્યોમાં ૧૫૦૦૦ કિ.મી.ના થયેલા કાશ્મીરમાં ૩૭૦ હટાવવા અંગેના શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રવચનોના નાદ સતત બ્રહ્માંડમાં ઘુમતો રહ્યો હશે અને ભગવાને, જનતાએ તેમને પહેલાં ગુજરાતનાં મુખ્યમંત્રી અને પછી દેશના પ્રધાનમંત્રી બનાવ્યાં અને લગભગ ૨૮ વર્ષે તા.૫-૬ ઓગષ્ટ ૨૦૧૯ ના રોજ ૩૭૦ હટાવીને દેશની એકતા-અખંડિતતાના ઐતિહાસિક કાર્ય નિયતિએ જે નક્કી કર્યું તે નરેન્દ્રભાઈએ કરીને બતાવ્યું.





કાશ્મીરમાં ૩૭૦ અને ૩૫એ કલમ હટાવીને દેશ-વિદેશના ભારતીયોને શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રબળ ઈચ્છાશક્તિ અને પ્રખર દેશભક્તિના દર્શન કરાવી દીધાં છે. દેશની અખંડિતતા, જમ્મુ કાશ્મીરની જનતાના કલ્યાણ અને અલગાંવવાદી-આતંકવાદી સામેની લડાઈ માટેના અભૂતપૂર્વ નિર્ણય માટે સમગ્ર દેશ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહને હમેશાં યાદ રાખશે. આઝાદી સમયે ૫૬૨ રજવાડા એક કરીને દેશની એકતાના શિલ્પી સરદાર પટેલના કાશ્મીર અંગેના અધૂરા સ્વપ્નને ગુજરાતની આ મોદી-શાહની જોડીએ સાકાર કરીને, ડૉ.શ્યામાપ્રસાદ મુખર્જીના બલિદાનને સાર્થક બનાવીને સાચા અર્થમાં શ્રદ્ધાંજલિ આપી છે.

લોકમન-લોકમતથી શ્રી નરેન્દ્રભાઈ મોદી સતત બીજીવાર દેશનાં પ્રધાનમંત્રી બન્યાં અને તા.૨૫-૦૫-૨૦૧૯ ના રોજ સંસદમાં સૌથી વિશાળ લોકશાહીના વિરાટ સંવિધાનને પગે લાગ્યાં ત્યારે સંસદના ગૃહમાં તાફીઓની ગુંજ સાથે દેશનાં મિડીયાનાં કરોડો દર્શકોમાં પણ ભાવવિભોર ખુશીની લાગણી પ્રસરી ગઈ હતી.

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગૃહમંત્રીશ્રી અમિત શાહે 'અસ્થાયી ૩૭૦ કલમ' હટાવીને કાશ્મીરમાં 'ભારતના બંધારણને સ્થાયી' બનાવી દીધું. શ્રી નહેરૂજી કોંગ્રેસ સમયે કાશ્મીરમાં "દો નિશાન-દો વિધાન-દો પ્રધાન" નહીં ચલેગા નહીં ચલેગાના જનસંઘના સ્થાપક ડૉ.શ્યામાપ્રસાદ મુખર્જીના સુત્ર-સ્વપ્નને સાકાર કરી 'એક દેશ-એક સંવિધાન'ને પ્રસ્થાપિત કર્યું છે.

૩૭૦ હટતાં જ કાશ્મીરમાં વિષમતા, વિસંગતતાની હાર થઈ છે અને દેશની અખંડિતતા તેમજ સમરસતાની જીત થઈ છે. કાશ્મીર માટે શહીદ થયેલાં શહીદવીરોનું સન્માન છે. સફાઈ કામદારો સાથે નોકરીમાં થતાં અન્યાય સામેનો આ ન્યાય છે. ૧૯૯૦થી વિસ્થાપિત થયેલ ૫ લાખ કાશ્મીરી પંડિતોની પીડા અને સંઘર્ષસામે એક સહાનુભૂતિ અને પુનઃવસન માટેનું દિશાદર્શક પગલું છે. હવે કાશ્મીરમાં ભારતનાં સંવિધાન મુજબ આર.ટી.સી., કેગ અને ગરીબ પછાતને અનામત સહિત કાયદાઓ અમલમાં મુકાશે અને ભારતના રાષ્ટ્રીય ધ્વજનું અપમાન કરનારને સજા આપશે.

ગુજરાતની જનતા જાણે છે, માને છે અને અનુભવે છે કે નર્મદા યોજના પૂરી થાય તે માટે સતત સંઘર્ષ સાથે યુદ્ધના ધોરણે ડેમનું કામ પૂર્ણ થાય તે માટે શ્રી નરેન્દ્રભાઈ એ ભગીરથ પ્રયાસ કર્યો છે. કેન્દ્રમાં કોંગ્રેસના શાસન સમયે તત્કાલિન કેન્દ્રીય મંત્રી સૈફુદિન સૈજૈ સુપ્રિમ કોર્ટમાં એફિડેવીટ કરીને નર્મદાનું કામ અટકાવવાનો પ્રયાસ કર્યો હતો અને તે સમયે તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૩ દિવસ ઉપવાસ પર બેસવું પડ્યું હતું. નર્મદા ડેમના દરવાજા માટેની મંજૂરી કોંગ્રેસની મનમોહન સિંહની સરકારે ૭ વર્ષ સુધી આપી ન હતી અને શ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રધાનમંત્રી બન્યા બાદ માત્ર ૧૭ દિવસમાં મંજૂરી આપવામાં આવી હતી.

આઝાદી પછી ૧૯૫૦માં સરદાર પટેલે નર્મદા ડેમની માંગણી કરી અને ૧૯૬૩માં નહેરૂજીએ શિલાન્યાસ કર્યો. પરંતુ કોંગ્રેસે ૩ દાયકામાં માત્ર ૯ ટકા કામ કર્યું જયારે ભાજપના સમયમાં ૯૧ ટકા કામ થયું છે. ૨૦૧૭માં નર્મદા ડેમનું કામ પૂર્ણ થયું અને હવે ૧૭મી સપ્ટેમ્બરે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસે ભગવાનની કૃપાથી સારા વરસાદનાં કારણે પાણીથી ૧૩૮ મીટર છલોછલ ભરાશે અને ગુજરાતની કરોડો જનતાની આંખોમાં હરખના પાણી છલકાશે. ૭૦ વર્ષના ગુજરાતની જનતા આતુરતા, આશા, અપેક્ષાનો અંત આવશે.

સરદાર સરોવર ભારતની સાત અજાયબીમાંની એક છે. સમગ્ર દુનિયામાં ડેમનો કોંક્રીટ જથ્થાની દૃષ્ટિએ બીજો નંબર આવશે. પાણીની સંગ્રહશક્તિમાં દુનિયામાં સૌથી મોટો ડેમ છે. ડેમ સંપૂર્ણ ભરાઈ જતાં પાણીની લંબાઈ ૨૧૪ કિમીની થશે અને તેમાં ૫,૭૫,૦૦૦ કરોડ લીટર પાણી સમાશે. ગુજરાતના ૨૨ જીલ્લામાં ૧૪૫ તાલુકાના ૯૦૦૦ ગામો, ૧૬૫ શહેરમાં પાણી મળશે અને ૧૯ લાખ હેકટરથી વધુ જમીનને સિંચાઈનો લાભ મળશે, જે ગુજરાતની ધરતીને લીલીછમ બનાવશે. નર્મદા એ ગુજરાતની ભાગ્ય વિધાતા છે. એ માત્ર ગુજરાતના નકશાની રેખા નથી. પરંતુ ગુજરાતની સમૃદ્ધિની હસ્તરેખા છે, વરદાયિની, ફળદાયિની છે.

નરેન્દ્રભાઈ, નર્મદા યોજના માટે ગુજરાત તમારો ભાવસભર, લાગણીસભર આભાર માને છે.

(લેખક ભાજપના પ્રદેશ પ્રવકતા અને પૂર્વ ધારાસભ્ય છે.)

## જન્મદિને વધામણી



માધવી નિમિષ વ્યાસ



નિમિષ વ્યાસ
કારોબારી સભ્ય, ગાંધીનગર કલ્ચરલ ફોરમ, મો. ૯૯૦૯૯ ૪૬૦૬૪



મિત્તલ રાણા
લાયોનેસ કલબ



જગદીશભાઈ ડી પટેલ
મંત્રી, સે. ૫ વસાહત મંડળ
મો. ૯૯૨૪૭ ૫૧૦૩૯



નિશાબેન યોગેશકુમાર આનંદ
લાયોનેસ કલબમો. ૯૮૯૮૧ ૧૩૧૩૧



અજયકુમાર વિષ્ણુભાઈ નાયી
ન્યૂ એમ્પાયર હેર એન્ડ કેર
મો. ૯૭૨૩૮ ૯૪૩૦૬



જીગરસિંહ સુરેન્દ્રસિંહ ડાભી
મો. ૯૮૨૫૭ ૧૦૭૮૯



ધૈર્યરાજ સુમિત પરમાર
મો. ૭૯૮૪૨ ૨૨૦૫૮



જે એમ ચૌધરી કન્યા શાળાનાં શારીરિક શિક્ષણના શિક્ષક લીલાબેન ચૌધરી અને વિનાક્ષીબેન સુતરિયાને બેસ્ટ શિક્ષક નો એવોર્ડ એનાયત થયો છે. શાળાની ખેલાડી બહેનો નેશનલ લેવલે જમ્પ રોપ રમત સ્પર્ધામાં ૨૦૧૧-૧૨, ૨૦૧૩-૧૪, ૨૦૧૫-૧૬,૨૦૧૭-૧૮ એમ ચાર વર્ષ થી ભાગ લેવા નાસિક મુકામે જાય છે અને બેસ્ટ પરફોર્મ કરે છે. આ કારણે આ એવોર્ડ આપવામાં આવ્યો હતો. આચાર્ય શ્રી રમીલાબેન એસ ચૌધરી તથા શાળા પરિવારે બંને શિક્ષકોને બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.

## અંગ્રેજોનો ગાઢ પરિચય

॥ બીજો મણકો ॥

એ અદૃષ્ટ અંતર્યામીને વશ વર્તીને આ કથા હું લખી રહ્યો છું એવી મારી માન્યતા છે.

ગયું પ્રકરણ જ્યારે મેં શરૂ કર્યું ત્યારે તેનું મથાળું 'અંગ્રેજોના પરિચયો' એમ કર્યું હતું. પણ પ્રકરણ લખતાં મેં જોયું કે એ પરિચયો ઉપર હું આવું તે પહેલાં મેં જે લખ્યું તે પુણ્યસ્મરણ લખવાની આવશ્યકતા હતી. એટલે તે પ્રકરણ લખાયું, અને લખાઈ રહ્યા પછી પ્રથમનું મથાળું બદલવું પડ્યું. હવે આ પ્રકરણમાં લખતાં વળી નવું ધર્મસંકટ ઉત્પન્ન થયું છે. અંગ્રેજોના પરિચયો આપતાં શું કહેવું ને શું ન કહેવું એ મહત્વનો પ્રશ્ન થઈ પડ્યો છે. જે પ્રસ્તુત હોય તે ન કહેવાય તો સત્યને ઝાંખપ લાગે. પણ આ કથા લખવી એ જ કદાચ પ્રસ્તુત ન હોય ત્યાં પ્રસ્તુત અપ્રસ્તુત વચ્ચેના ઝઘડાનો ન્યાય એકાએક આપવો મુશ્કેલ થઈ પડે છે.




આત્મકથામાત્રની ઈતિહાસ તરીકેની અપૂર્ણતા ને તેની મુશ્કેલીઓ વિષે મેં પૂર્વે વાંચેલું તેનો અર્થ આજે હું વધારે સમજું છું. સત્યના પ્રયોગોની આત્મકથામાં જેટલું મને યાદ છે તેટલું બધુંય હું નથી જ આપતો એ હું જાણું છું. સત્યને દર્શાવવા સારુ મારે કેટલું આપવું જોઈએ એની કોને ખબર ? અથવા એકતરફી અધૂરા પુરાવાની કિંમત ન્યાયમંદિરમાં શી અંકાય ? લખાયેલાં પ્રકરણો ઉપર કોઈ નવરો મારી ઊલટતપાસ કરવા બેસે તો કેટલું બધું અજવાળું આ પ્રકરણો ઉપર પાડે ? અને જો વળી તે ટીકાકારની દૃષ્ટિએ તપાસ કરે તો કેવાં 'પોકળો' પ્રકટ કરી જગતને હસાવે ને પોતે ફુલાય ? (ક્રમશઃ)

**સૌજન્ય : સત્યના પ્રયોગો**